JAJ-16080001030500 Seat No. ______

# B. Com. (Sem. III) (CBCS) Examination

## November - 2019

## Income Tax Law & Practice - I

*(New Course)*

Time : **2:30** Hours] [Total Marks : **70**

**સૂચના :** બધા જ પ્રશ્નના જવાબ આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ની લાગુ પડતી જોગવાઈઓ મુજબ આપવાના છે.

૧ શ્રીમતી રંજનબેન જેતપુરની એક કંપનીમાં નોકરી કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની નીચે આપેલી વિગતો પરથી તેમની આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ માટે કરપાત્ર પગાર અને કરપાત્ર આવકની ગણતરી કરો : ૨૦

(૧) મૂળ પગાર માસિક રૂ. ૩૦,૦૦૦, જે તારીખ ૧-૯-૨૦૧૮થી રૂ. ૪,૦૦૦ વધારવામાં આવ્યો હતો.

(૨) મોંઘવારી ભથ્થું - મૂળ પગારના ૨૦% (જેના ૫૦% નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે.)

(૩) કમિશન - રૂ. ૧૦,૦૦૦

(૪) બોનસ - રૂ. ૨૫,૦૦૦

(૫) પહેરવેશ ભથ્થું - રૂ. ૧૯,૨૦૦

(૬) સીટી કમ્પેન્સેટરી એલાઉન્સ - રૂ. ૧૪,૪૦૦

(૭) શિક્ષણ ભથ્થું (તેમને બે બાળકો છે) રૂ. ૨૫૦ (માસિક)

(૮) હોસ્ટેલ ભથ્થું (બે બાળક માટે) ૫૦૦ (માસિક)

(૯) ઘરભાડા ભથ્થું - વાર્ષિક રૂ. ૧,૦૮,૦૦૦ (ખરેખર ચૂકવેલ ભાડું માસિક રૂ. ૮,૫૦૦)

(૧૦) પ્રવાસ ભથ્થું : ત્રણ ટ્રિપ માટે ટ્રિપના રૂ. ૨,૦૦૦ લેખે. (દરેક ટ્રિપ પર ખરેખર થયેલ ખર્ચ - રૂ. ૧,૨૦૦)

(૧૧) ઓફિસ સમય દરમિયાન થયેલ ઈજાનું વળતર રૂ. ૨૫,૦૦૦ કંપનીએ ચૂકવ્યું.

(૧૨) માલિકે ૧.૮ સીસીના એન્જિનની મોટરકાર (ડ્રાઈવર વગર) આપેલ છે. આ ગાડીનો ઉપયોગ ધંધા માટે અને ખાનગી હેતુ માટે થાય છે. મોટરકાર અંગેના બધા ખર્ચ માલિક ભોગવે છે.

(૧૩) તેઓ અને તેમના માલિક મૂળ પગારના ૧૩% પ્રમાણે તેમના માન્ય પ્રૉ.ફંડમાં ફાળો આપે છે.

(૧૪) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં વાર્ષિક ૧૩.૫%ના દરે જમા થયેલું વ્યાજ રૂ. ૨૭,૦૦૦

(૧૫) કર્મચારીએ ચૂકવેલ વ્યવસાયવેરો રૂ. ૨,૪૦૦

(૧૬) તેના રોકાણો નીચે મુજબ હતા :
- જાહેર ભવિષ્યનિધિ - રૂ. ૩૦,૦૦૦
- રાષ્ટ્રીય બચતપત્ર - રૂ. ૬૦,૦૦૦
- બૅંકમાં ત્રણ વર્ષ માટે ફિક્સ ડિપોઝીટ રૂ. ૧,૨૦,૦૦૦

**અથવા**

૧ શ્રી કિશોરભાઈ જામનગરની એક કંપનીમાં કર્મચારી છે. નીચેની વિગતો પરથી આ.વ. ૨૦૧૯-૨૦ની તેમની પગારની કરપાત્ર આવકની ગણતરી કરો. ૨૦

(૧) મૂળ પગાર રૂ. ૪૪,૦૦૦ માસિક

(૨) મોંઘવારી ભથ્થું રૂ. ૫૦,૦૦૦ (નિવૃત્તિના લાભો માટે ધ્યાનમાં લેવાય છે.)

(૩) બોનસ - બે માસનો પગાર

(૪) કુટુંબના સભ્યોની દાકતરી સારવાર અંગે બિલની રકમ રૂ. ૧૫,૩૦૦ કંપનીએ ચૂકવી છે.

(૫) મનોરંજન ભથ્થું - રૂ. ૮,૪૦૦

(૬) મદદનીશ ભથ્થું રૂ. ૩,૬૦૦

(૭) ગણવેશ ભથ્થું માસિક રૂ. ૯૦૦ લેખે (ખરેખર ખર્ચ રૂ. ૭૫૦ પ્રતિમાસ)

(૮) શિક્ષણ ભથ્થું (તેમને ત્રણ બાળકો છે) - રૂ. ૨,૭૦૦

(૯) માલિકે તેમને રહેઠાણ માટે જે ફ્લેટ આપેલ છે તેનું ભાડું રૂ. ૧૦,૦૦૦ કંપનીએ ચૂકવેલ છે. માલિકે આ ફ્લેટની સજાવટ અંગે રૂ. ૪૦,૦૦૦ ખર્ચેલ છે અને વધારાના ફર્નિચરનું ભાડું રૂ. ૧૨,૦૦૦ ચૂકવેલ છે.

(૧૦) ઑફિસ સમય દરમિયાન અંશત મફત ભોજનની સગવડ (૧૨૦ દિવસ માટે ભોજન દીઠ રૂ. ૧૨૦ લેખે ખર્ચ થયો છે, જે કંપનીએ ભોગવેલ છે.) આ અંગે ભોજન દીઠ રૂ. ૨૦ની ટોકન રકમ પગારમાંથી કાપી લેવામાં આવી છે.

(૧૧) માલિકે ૧.૪ સીસીના એન્જિનની મોટરકાર (ડ્રાઈવર સાથે) આપેલ છે. આ ગાડીનો ઉપયોગ ધંધા માટે અને ખાનગી હેતુ માટે થાય છે. મોટરકાર અંગેના બધા ખર્ચ કર્મચારી ભોગવે છે.

(૧૨) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો રૂ. ૭૫,૨૦૦

(૧૩) તેમના પ્રૉ. ફંડ ખાતામાં ૧૦.૫%ના દરે રૂ. ૨૬,૨૫૦ વ્યાજ જમા થયેલ છે.

(૧૪) તેમના પગારમાંથી નીચેની કપાતો કરવામાં આવેલ છે :

- વ્યવસાય વેરો - રૂ. ૨,૪૦૦ (વાર્ષિક)
- પ્રૉવિડન્ટ ફંડમાં કર્મચારીનો ફાળો મૂળ પગારના ૧૪%
- મકાનની સગવડ અંગેની વસૂલાત (મૂળ પગારના ૧૦%)

(૧૫) જામનગરની ૨૦૦૧ની વસ્તી ૧૦ લાખથી ઓછી હતી.

૨ શ્રી કેતન ત્રણ મકાન ધરાવે છે, જેની માહિતી નીચે મુજબ છે : ૨૦

| વિગત | મકાન-૧ (ભાડે આપેલ) | મકાન-૨ (સ્વ વપરાશ) | મકાન-૩ (સ્વ વપરાશ) |
|---|---|---|---|
| મ્યુ. આકારણી | ૧,૨૦,૦૦૦ | ૪૫,૦૦૦ | ૬૦,૦૦૦ |
| પ્રમાણિત ભાડું | ૧,૦૦,૦૦૦ | ૪૩,૦૦૦ | ૫૬,૦૦૦ |
| વાજબી ભાડું | ૧,૩૦,૦૦૦ | -- | ૫૬,૦૦૦ |
| મળવાપાત્ર ભાડું (માસિક) | ૧૨,૦૦૦ | - | - |
| મ્યુ. કરવેરા | ૨૦,૦૦૦ | ૪,૫૦૦ | ૧૦% (ચૂકવવાના બાકી) |
| મકાન લોનનું વ્યાજ | ૫૦,૦૦૦ | ૧૭,૫૦૦ (ચૂકવવાના બાકી) | ૩,૦૦૦ |
| મકાન ખાલી રહ્યાનો સમય | ૧ માસ | --- | -- |
| વીમા પ્રીમિયમ | ૧,૦૦૦ | ૫૦૦ | ૫૦૦ |
| બાંધકામ પૂર્ણ થયા તારીખ | ૧-૧૧-૨૦૧૪ | ૧-૩-૨૦૧૫ | ૧૩-૩-૨૦૧૪ |
| બાંધકામ સમય દરમ્યાન ચૂકવેલ લોનનું વ્યાજ | ૩૦,૦૦૦ | ૧૨,૦૦૦ | ૮,૦૦૦ |

**અન્ય માહિતી :**

(૧) બે માસના ભાડાની રકમ ‘મકાન-૧’ના ભાડુઆત પાસેથી મળેલ નથી.

(૨) મકાન-૧ના મ્યુ. કરવેરામાં રૂ. ૧૦,૦૦૦ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના છે.

(૩) મકાન-૧ના મકાન લોન વ્યાજમાં રૂ. ૨૬,૦૦૦ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના છે.

આ.વ. ૨૦૧૯-૨૦ માટે શ્રી કેતનની મકાન-મિલકતની આવકના મથાળા નીચે કરપાત્ર આવકની ગણતરી કરો.

**અથવા**

૨ મિ. હિતેશે વર્ષ ૨૦૧૪-૧૫માં મકાન બાંધ્યું. આ મકાન ત્રણ વિભાગમાં છે. પ્રથમ વિભાગ ૪૦% ભાગ ભાડે આપેલ છે. બીજો વિભાગ ૪૦% ભાગ પોતાના રહેઠાણ માટે ઉપયોગમાં લે છે અને ત્રીજો વિભાગ બાકીનો ભાગ ભાડે આપેલ છે. અન્ય વિગતો નીચે મુજબ છે : ૨૦

(૧) મ્યુનિસિપલ આકારણી રૂ. ૮૦,૦૦૦

(૨) વાજબી ભાડું રૂ. ૭૦,૦૦૦

(૩) પ્રમાણિત ભાડું રૂ. ૯૦,૦૦૦

(૪) પ્રથમ વિભાગનું ભાડું માસિક ૪,૦૦૦

(૫) ત્રીજા વિભાગનું ભાડું માસિક રૂ. ૨,૫૦૦

(૬) મ્યુનિસિપલ વેરા - ૧૦% (જેમાંથી અડધા ચૂકવેલ છે.)

(૭) જમીનભાડું ચૂકવેલ રૂ. ૨,૦૦૦

(૮) આગના વીમાનું પ્રીમિયમ રૂ. ૨,૧૦૦

(૯) મકાન લોનનું વ્યાજ રૂ. ૭૦,૦૦૦ (જેમાંથી અડધું ચૂકવેલ નથી)

(૧૦) મૂડીકૃત વ્યાજ રૂ. ૫૦,૦૦૦

(૧૧) પ્રથમ વિભાગ ત્રણ માટે ખાલી રહેલ છે.

ઉપરની માહિતી પરથી આકારણી વર્ષ ૨૦૧૯-૨૦ માટે મકાન મિલકતની કરપાત્ર આવકની ગણતરી કરો.

૩ ટૂંકનોંધ લખો : (કોઈ પણ **ત્રણ**) **૧૫**

(૧) પાછલું વર્ષ

(૨) કરમુક્ત આવકો (કોઈ દસ)

(૩) કલમ ૮૦ સી

(૪) શખ્સ

(૫) કુલ આવક

**અથવા**

૩ શ્રી રમેશની નીચે આપેલી વિગતો પરથી પાછલા વર્ષ ૨૦૧૮-૧૯ માટે તેમનો રહેઠાણ વિષયક દરજ્જો નક્કી કરો : **૧૫**

| **ભારતમાં આવ્યા તારીખ** | **ભારત બહાર ગયા તારીખ** |
|---|---|
| ૨૧-૫-૨૦૧૫ | ૨-૮-૨૦૧૫ |
| ૧-૧-૨૦૧૬ | ૩૦-૧૦-૨૦૧૮ |
| ૧૦-૧૨-૨૦૧૮ | ૫-૬-૨૦૧૯ |

૪ માલ અને સેવા કરનો અર્થ આપો. તેના ફાયદાઓની ચર્ચા કરો. **૧૫**

**અથવા**

૪ નોંધ લખો : **૧૫**

(૧) માલ અને સેવા કરના પ્રકાર

(૨) માલ અને સેવા કર રજીસ્ટ્રેશન.

## ENGLISH VERSION

**Instruction :** Answers to all questions are to be given as per the provision applicable to the A.Y. 2019-20.

**1** Shrimati Ranjanben is working in Jetpur based company. From the following details of Financial Year 2018-19, compute her taxable salary and taxable income of A.Y.2019-20. **20**

(1) Basic monthly salary Rs. 30,000, which was increased by Rs. 4,000 from Dt.1-9-2018.

(2) Dearness Allowance - 20% of basic salary (50% consider for retirement benefits)

(3) Commission - Rs. 10,000

(4) Bonus - Rs. 25,000

(5) Uniform Allowance - Rs. 19,200

(6) City Compensatory Allowance - Rs. 14,400

(7) Education Allowance (She has two children) - Rs. 250 (Monthly)

(8) Hostel Allowance (for two children) - Rs. 500 (Monthly)

(9) House Rent Allowance - Rs. 1,08,000 yearly, (Actual rent paid Rs. 8,500 per month)

(10) Tour Allowance - For three trips - per trip Rs. 2,000 (Actual expenses per trip is Rs. 1,200)

(11) The company has paid Rs. 25,000 for compensation of injuries occurred during the office hours.

(12) The employer has provided 1.8 c.c engine car (without driver). The car is for office and private use. All expenses of car are borne by the employer.

(13) She and her employer contributes at 13% of basic salary towards her recognized provident fund.

(14) Interest credited to recognised provident fund account at 13.5% - Rs. 27,000

(15) Professional tax paid by employee - Rs. 2,400

(16) Her investments are as under

- Public Provident Fund - Rs. 30,000
- National Saving Certificates - Rs. 60,000
- Fix deposit in bank for three years - Rs. 1,20,000

**OR**

1 Shri Kishorbhai is an employee in Jamnagar based company. Calculate taxable income of salary from the following particulars for the A.Y. 2019-20. **20**

(1) Basic Salary- Rs. 44,000 per month

(2) Dearness Allowance - Rs. 50,000 (Consider for retirement benefits)

(3) Bonus - Two months' salary

(4) The company has paid Rs. 15,300 for family members medical treatment.

(5) Entertainment Allowance - Rs. 8,400

(6) Helper Allowance - Rs. 3,600

(7) Uniform Allowance - Rs. 900 per month (Actual expense Rs. 750 per month)

(8) Education Allowance (He has three children) - Rs. 2,700

(9) The employer has provided him a flat for which the company pays rent of Rs. 10,000 per month. The employer has spent Rs. 40,000 on its furnishing and also paid rent Rs. 12,000 for extra furniture.

(10) Concessional lunch facility provided during office hours (cost per dish Rs. 120 for 120 days is borne by the company), a token amount of Rs. 20 is deductible from his salary.

(11) The employer has provided a 1.4 c.c engine car (with driver). The car is for office and private use. All expenses of car are borne by the employee.

(12) Company's contribution to recognised provident fund - Rs. 75,200.

(13) Interest credited to his P.F account at 10.5% is Rs. 26,250.

(14) The following deductions have been made from his salary -

- Professional Tax- Rs. 2400 (Annual).
- Employee's contribution in provident fund - 14% of basic salary.
- Recovery of token rent for the accommodation @ 10% of basic salary.

(15) Jamnagar's population was less than 10 lakh in the year 2001.

2 Shree Ketan owns three houses, particulars of which are as under - **20**

| Particulars | House-1 Let-out | House-2 (Self Occupied) | House-3 (Self Occupied) |
|---|---|---|---|
| Municipal Valuation | 1,20,000 | 45,000 | 60,000 |
| Standard Rent | 1,00,000 | 43,000 | 56,000 |
| Fair Rent | 1,30,000 | -- | 56,000 |
| Rent receivable (monthly) | 12,000 | | |
| Municipal Taxes | 20,000 | 4,500 | 10% (Unpaid) |
| Interest on housing loan | 50,000 | 17,500 (unpaid) | 3,000 |
| Vacancy period | 1 month | --- | -- |
| Insurance premium | 1,000 | 500 | 500 |
| Date of completion of construction | 1-11-2014 | 1-3-2015 | 13-3-2014 |
| Interest on loan paid during construction period | 30,000 | 12,000 | 8,000 |

**Other details :**

(1) Two months' rent was not received from the tenant of house-1.

(2) Municipal taxes of house-1 includes Rs. 10,000 of F.Y-2017-18.

(3) Interest on housing loan of house-1 includes Rs. 26,000 of F.Y-2017-18.

Compute the taxable income of Shree Ketan under the head Income from House Property for the A.Y. 2019-20.

**OR**

2 Mr. Hitesh constructed a house in the year 2014-15. This house is in three departments. First department 40% portion of this house is let-out, second department 40% portion is used as self residence and third department rest of the portion is let-out. Other details are as under: **20**

(1) Municipal Valuation - Rs. 80,000

(2) Fair Rent - Rs. 70,000

(3) Standard Rent - Rs. 90,000

(4) Rent of the first department - Rs. 4,000 per month

(5) Rent-of the third department - Rs. 2,500 per month.
(6) Municipal tax -10% (out of which half is paid)
(7) Ground rent - Rs. 2,000
(8) Fire insurance premium - Rs. 2,100
(9) Housing loan interest- Rs. 70,000 (out of which half is unpaid)
(10) Capitalised Interest - Rs. 50,000
(11) First department is vacant for three months.

From the above information calculate taxable income from house property for the Assessment Year 2019-20.

3 Write Short Notes : (any **three**) **15**

(1) Previous Year
(2) Tax free Income (any ten)
(3) Section 80 C
(4) Person
(5) Total Income

**OR**

3 Determine the residential status of Shri Ramesh for the P.Y.2018-19 from the details given below : **15**

| Date of arrival in India | Date of departure from India |
|---|---|
| 21-5-2015 | 2-8-2015 |
| 1-1-2016 | 30-10-2018 |
| 10-12-2018 | 5-6-2019 |

4 Give meaning of Goods and Service Tax. Discuss its benefits. **15**

**OR**

4 Write notes : **15**

(1) Types of Goods and Service Tax
(2) Goods and Service Tax Registration